# ચૌદમી ગુજરાત વિધાનસભા

## કામકાજ સલાહકાર સમિતિ

## પાંચમો અહેવાલ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો પાંચમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક સોમવાર, તા.૨૨મી જુલાઇ, ૨૦૧૯ના રોજ સભાગૃહની બેઠકના વિરામ સમયની શરૂઆતમાં માનનીય અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણો કરી છે.

**૧.** સત્રની બેઠક ૧ દિવસ લંબાવવી અને લંબાવેલી બેઠકમાં એટલે કે તા.૨૬/૭/૨૦૧૯ના રોજ સરકારી વિધેયકો અને છેલ્લા દિવસનો પ્રસ્તાવ હાથ ધરવો.

**૨.** ગુરૂવાર, તા.૨૫/૭/૨૦૧૯ના રોજ સરકારી વિધેયકો નીચે દર્શાવેલ ક્રમમાં ચર્ચા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૧૯નું ગુજરાત વિનિયોગ વિધેયક.

(૨) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૧૯નું ગુજરાત સ્ટેમ્પ (સુધારા)વિધેયક.

(૩) સન ૨૦૧૯નું ગુજરાત વિદ્યુતશુલ્ક (સુધારા) વિધેયક.

(૪) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૧૯નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક.

(૫) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૧૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

(૬) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૨૫-સન ૨૦૧૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયક.

(૭) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૧૯નું ધી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત (સુધારા) વિધેયક.

(૮) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૧૯નું ગુજરાત જમીન મહેસૂલ (દ્વિતિય સુધારા) વિધેયક.

(૨)...

(૯) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૨૨-સન ૨૦૧૯નું ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (સુધારા) વિધેયક.

**૩.** શુક્રવાર, તા.૨૬/૭/૨૦૧૯ના રોજ સરકારી વિધેયકો નીચે દર્શાવેલ ક્રમમાં ચર્ચા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી અને ત્યારબાદ છેલ્લા દિવસનો પ્રસ્તાવ હાથ ધરવો.

(૧) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૧૯નું ગુજરાત ઘરવપરાશ પાણીપુરવઠા (સંરક્ષણ) વિધેયક.

(૨) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૧૯નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ અને નગરરચના કાયદા (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૧૯નું ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયક.

(૪) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૧૯નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તારીખઃ ૨૨મી જુલાઇ, ૨૦૧૯**

**રાજેન્દ્ર ત્રિવેદી**
**પ્રમુખ,**
**કામકાજ સલાહકાર સમિતિ**